## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




દારૂ પીવે છે સાલા...!! ચાલ એ.ટી.એમ. પર...

# સીટી બસ સેવા સેક્ટરોના આંતરિક માર્ગો સુધી લંબાવવા ઈચ્છતા નાગરિકો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં સીટીબસ સેવા સેક્ટરના આંતરિક ભાગોમાં મળતી નથી તે બાબતે શહેરીજનોમાં અસંતોષની લાગણી પ્રવર્તી રહી છે. મોટા ભાગની સીટી બસ સેવા શહેરના માત્ર મુખ્ય માર્ગો પુરતી જ જોવા મળે છે પરંતુ ખરા અર્થમાં જ્યાં જરૂર છે ત્યાં સુધી આ સેવા મળતી નથી તેવી લાગણી નગરજનોમાં પ્રવર્તી રહી છે.

શહેરમાં અત્યારે યોગી એજ્યુ ટ્રાન્ઝિસ્ટ કંપની દ્વારા સીટી બસ સેવા પુરી પાડવામાં આવી છે પરંતુ આ બસ સેવાના રૂટમાં સેક્ટરોના આંતરિક માર્ગોને આવરી લેવાયા નથી. શહેરમાં સાત સાડા અને સાત ઉભા માર્ગો છે જેમાં ચ-રોડ, ઘ-રોડ, ગ-રોડ અને ખ-રોડ ઉપરાંત જ-રોડ પર સીટીબસ સેવા જોવા મળે છે. આ સિવાયના માર્ગો પર સીટી બસ સેવાનુ પ્રમાણ ઓછુ જોવા મળે છે જ્યારે કેટલાક રૂટ પર ગાંધીનગર શહેરી વિસ્તારથી દૂરના કેટલાક મહત્વના ગ્રામ્ય પોઈન્ટ જેવા કે ચિલોડા સર્કલ, વાસણિયા મહાદેવ, અડાલજ વગેરેને આવરી લેવાયા છે. જો કે સીટીબસ સેવાનો મુખ્ય ઉદ્દેશ શહેરના આંતરિક ભાગો સુધી સેવા આપવાનો હોવો જોઈએ. હાલ જે માર્ગ પર સીટીબસ સેવા અપાઈ રહી છે તે રૂટ પર ગુજરાત સરકારના એસ.ટી. નિગમ દ્વારા શહેરી બસ સેવા ઉપરાંત અન્ય બસોના રૂટ તેમજ મોટી સંખ્યામાં ખાનગી ટ્રાન્સપોર્ટ પણ મળી રહે છે. જ્યારે શહેરના સિનિયર સિટીઝન્સ, કિશોરો, મહિલાઓ તેમજ અશક્તો અને દિવ્યાંગો સહિતના નાગરિકોને સેક્ટરના આંતરિક મુખ્ય માર્ગો સુધી સેવા મળે ત્યારે જ સીટીબસનો સાચો ઉપયોગ થઈ શકે અને નાગરિકો તેનો મહત્તમ લાભ લઈ શકે. આથી, સીટી બસ સેવાને શહેરના સેક્ટરોમાં આંતરિક મુખ્ય માર્ગો સુધી પુરી પાડવામાં આવે તેવી નાગરિકોમાં માંગ વધતી જઈ રહી છે.



## પરસેવો પાડીને પાઠશાળાનો પહેલો પ્રેમાળ પાઠ

**‘‘કક્કો ઘુંટીને શું થાય ?, પ્રેમનું તે કંઈ ભણતર હોય ?,**
**મહેનતથી મહેંક છે કાય, પરસેવાનું અત્તર હોય ?’’**

કવિ મકરંદ મુસળેની આ પંક્તિઓ આ સાયકલ રીક્ષા ચલાવી ગુજરાન ચલાવતા શ્રમજીવી પિતાના બાળકો નવા સત્રમાં શાળાએ જઈ રહ્યાં છે તે દૃશ્ય જોઈને યાદ આવ્યા વિના રહેતી નથી. પિતાના પ્રેમનું ભણતર પાઠશાળા જતા જતા શિખી રહેલા આ બાળકોને પિતા મહેનતના પરસેવાથી મહેંકતા અત્તરની સુવાસ પણ કરાવી રહ્યાં છે. સ્કૂલવાનના દોડતા યુગમાં બાળકોને મળી રહેલો આ પાઠ પુસ્તકિયા જ્ઞાનથી પણ ખુબ મહત્વનો સાબિત થશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

# બે દીકરીઓ સાથે કેનાલમાં ઝંપલાવનાર માતા સામે હત્યાનો ગુનો દાખલ

### માતા બચી ગઈ હતી અને બન્ને દીકરીઓના ડૂબી જવાથી મૃત્યુ થયા હતા : બે દિકરીઓની હત્યા મામલે પિતાએ આપી ફરિયાદ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક રાયપુર પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં બે દીકરીઓને તેડીને તેની માતાએ પડતું મૂકી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જોકે કેનાલ પર તૈનાત સિક્યુરિટી ગાર્ડે માતાને બચાવી લીધી હતી. જ્યારે બંને દીકરીઓ ડૂબી જતાં મોતને ભેટી ગઈ હતી. માતાને બચાવીને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. આ ચકચારી ઘટનામાં બે દિકરીઓના પિતાએ ડભોડા પોલીસ મથકમાં બન્ને દીકરીઓની હત્યા મામલે ફરિયાદ આપતા ડભોડા પોલીસે માતા સામે હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

૧૦મી જુને બપોરના અરસામાં રાયપુર કેનાલમાં હંસાબેન શૈલેષભાઈ ચાવડાએ બે બાળકીઓ સાથે ઝંપલાવી દીધું હતુ. અમદાવાદના સૈજપુરબોઘા વિસ્તારમાં રહેતા હંસાબેન ચાવડા તેમની બે નાની નાની દીકરીઓને લઈને કેનાલમાં કૂદી ગઈ હતી. માતા હંસાબેન ચાવડાને બચાવી લેવામાં કેનાલ સિક્યુરિટી ગાર્ડ અને સફળતા મળી હતી પરંતુ બે દીકરીઓ સુધી સિક્યુરિટી ગાર્ડ પહોંચે તે પહેલાં જ બંને કેનાલના પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. કેનાલમાંથી બહાર નિકાળી દેવાયેલા હંસાબેનને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તો બીજી તરફ કેનાલમાં ગરકાવ થઈ ગયેલી બન્ને દીકરીઓ ની શોધખોળ સિક્યુરિટી ગાર્ડ અને ફાયર ની ટીમ દ્વારા શરૂ કરવામાં આવી હતી. કેનાલમાં શોધખોળ દરમિયાન ડૂબી ગયેલી બંને દીકરીઓ આઠ વર્ષીય ખુશી અને ચાર વર્ષીય સાક્ષીના મૃતદેહ મળી આવ્યા હતા. શૈલેષભાઈના નિવેદન મુજબ તે દિવસે તેઓ તેમના પત્ની હંસાબેન તથા બંને બાળકીઓને લઈને તેમના વતન દોલતાબાદ જવા નીકળ્યા હતા. પરંતુ રાયપુર પાસે પહોંચ્યા ત્યારે અચાનક હંસાબેને પિયર સુલતાનપુર જવાનું કહ્યું હતું અને વતન જવાની ના પાડી દીધી હતી. હંસાબેન એ કહી દીધું કે બાઈક ઊભો રાખો નહીંતર અમે બાઈક પરથી કૂદકો મારી દઈશું.

ગભરાઈ ગયેલા શૈલેષભાઈએ ત્યાં બાઈક ઉભુ કર્યુ હતું. હંસાબેનએ પિયર જવા માટે ભાડાના પૈસા માંગ્યા હતા અને ત્યાંથી દિકરીઓને લઈને નીકળી ગયા હતા. ત્યારબાદ ત્યાંથી નીકળેલા હંસાબેન બંને દીકરીઓ સાથે કેનાલમાં કૂદી ગયા હતાં અને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનામાં બંને દીકરીઓ મોતને ભેટી હતી જ્યારે માતા બચી ગઈ હતી. હવે મૃત્યુ પામેલી બન્ને દીકરીઓના પિતા શૈલેષભાઈ મણીભાઈ ચાવડાએ ડભોડા પોલીસ સ્ટેશનમાં પોતાની બંને દીકરીઓને હત્યા કરવાના મામલે પત્ની હંસાબેન સામે ફરિયાદ આપતા ડભોડા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આવતીકાલથી સે-૨૮ જીઆઈડીસી કોમ્યુનિટી હોલ ખાતે યોગ શિબિર

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના જીઆઈડીસી એન્જિનીયરીંગ કોમ્પ્લેક્ષ એસોસિએશન દ્વારા તા. ૧૫મી જૂનથી તા. ૨૧મી જૂન દરમિયાન યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ શિબિર સે-૨૮માં એસોસિએશનના કોમ્યુનિટી હોલ ખાતે દરરોજ સવારે ૬ થી ૭ કલાક દરમિયાન યોજાશે. જેમાં યોગ ટ્રેનર મહેન્દ્રભાઈ ગાંધી શિબિરાર્થીઓને યોગની તાલીમ આપશે. આ યોગ શિબિરમાં જીઆઈડીસી એન્જિનીયરીંગ કોમ્પ્લેક્ષ એસોસિએશનના તમામ ઉદ્યોગકારો તથા કંપનીઓના કર્મચારીઓને જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આગામી તા. ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસ નિમિત્તે ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ખાતે સવારે ૬ થી ૭ કલાક દરમિયાન યોજાનાર ઉજવણીમાં પણ જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે. શિબિરાર્થીઓએ યોગ કરવા પોતાનું પાથરણું સાથે લાવવા જણાવાયું છે.



ગુજરાતભરમાં જિલ્લા ક્ષય વિભાગમાં વર્ષોથી કરારબધ્ધ કર્મચારી તરીકે વિવિધ વર્ગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ પોતાના પ્રશ્નનો ઉકેલ નહી આવતા આજે જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટીસંખ્યામાં ક્ષય વિભાગના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# અનુસૂચિત જાતિના સમુદાય માટે અંતિમધામ બાંધવા રાજયપાલશ્રીને રજૂઆત

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત રાજયના અનેક ગામડાઓમાં અનુસૂચિત જાતિના લોકો માટે મરણ બાદ અંતિમક્રિયા કરવા માટે સ્મશાનની વ્યવસ્થા નથી. આવી જગ્યાઓએ અંતિમધામ બાંધવા માટે ગુજરાત પ્રદેશ દલિતસેના દ્વારા રાજયપાલને આવેદનપત્ર સોંપવામાં આવ્યું છે.

ગુજરાત પ્રદેશ દલિતસેના દ્વારા આવેદનપત્રમાં જણાવાયું છે કે, જે ગામડામાં સ્મશાન માટે જમીન ન હોય અથવા સ્મશાન અગવડોવાળુ હોય ત્યાં તાત્કાલિક સુવિધાવાળા સ્મશાન બનાવવામાં આવે તેમજ સરકાર દ્વારા ‘અનુસૂચિત જાતિ અંતિમધામ યોજના’ની જાહેરાત કરવામાં આવે. દલિતસેના દ્વારા માંગણી કરવામાં આવી છે કે, અંતિમધામમાં સેન્ટર છાપરી, સગડી, ડાઘુઓ માટે બેસવાની, ન્હાવા, ધોવા માટે પાણીની વ્યવસ્થા, બેસવા માટે આરસીસીનું તળિયુ, બાંધેલી જગ્યા ઉપર છાપરૂ, ફરતી દિવાલ, દરવાજો, પ્રવેશ કરવા માટેનો પાકો રસ્તો વગેરે સુવિધાવાળુ સ્મશાન બાંધવામાં આવે. ગુજરાત પ્રદેશ દલિતસેના દ્વારા રાજયપાલને રૂબરૂ રજુઆત કરી આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.

ગુજરાત પ્રદેશ પ્રમુખ ડી.બી. પરમાર, રાષ્ટ્રીયમંત્રી પ્રહલાદ ચૌહાણ, ગાંધીનગર દલિતસેના પ્રમુખ બાબુ મેસરવાલા, મહામંત્રી દિનકરભાઈ, બનાસકાંઠા પ્રમુખ બળદેવ પંડ્યા, પાટણ જિલ્લા પ્રમુખ શિવાજી ગોહિલ, ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ દલપત સોલંકી, તુલશી સોલંકી, સાબરકાંઠા પ્રમુખ કરશન મકવાણા તેમજ અન્ય હોદ્દેદારો ભગવતીબેન, કંકુબેન, જયંતિ ઉત્સાદ, કનુ ચૌહાણ, છીતુભાઈ, ક્રિષ્ણા સોલંકી, જીવણ પરમાર વગેરે ૧૮ જેટલા પદાધિકારીઓએ રાજયપાલને રૂબરૂ મળીને આવેદનપત્ર આપ્યુ હતુ.

## નામ બદલેલ છે

મારું નામ કલરવકુમાર હસમુખભાઈ પટેલ હતું જે બદલીને કલરવ હસમુખભાઈ પટેલ રાખેલ છે.

**લી. કલરવ હસમુખભાઈ પટેલ**
પ્લોટ નં. ૧૨૮૧/૧,
સેક્ટર-૭/ડી,
ગાંધીનગર-૩૮૨૦૦૭

